NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2011

# GUJARATI HOME LANGUAGE: PAPER II

Time: 2½ hours | 80 marks

## PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY

1. This question paper consists of 4 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. In your own interest write legibly and present your work neatly.

IEB Copyright © 2011

**પ્રશ્ન-૧ નીચે આપેલા પદ્યમાંથી કોઈ પણ બે પદ્યને તમારા શબ્દોમાં આઠ થી દસ વાક્યોમાં સમજાવો.**

૧.૧ એકમેકને વિશ્વાસે ગૂંથેલા આ સંબંધોને
એ વાતવાતમા ફાડી નાખે
ને માના ખોળા જેવી કૂંફાળી આ વૃક્ષોની
છાયા વાતવાતમાં વાઢી નાખે.
અને છતાંય જાણે કંઇ પણ થયું હોય ના
એવી રીતે છેક વઢાયેલા-
થડમાંથી ફરી ફરીને ફૂટે પાછાં કૂણાં કૂણા પાન..
એટલે જીવી રહયો છું. (8)

૧.૨ એક ડાહયો આવી વદ્યો, "મૂર્ખ! ગંગાજળ
બગાડયું તેં; ફેરી તારી જશે રે અફળ
હવે રામેશ્વર જઇ શાનો અભિષેક
કરીશ ? ગધેડા જેવું કર્યું તેતો છેક". (8)

૧.૩ દરિયો ત્યાં હારિયો, કરગરતો આવિયો,
ઈંડા ખોળામાં પાછાં લઈ,
સાગરને તીર ત્યાં હરખે ટિટોડી,
મોતી શાં ઈંડા પાછાં લઈ,
"સૌને ડૂબાડતો દરિયો મેં ડારિયો,
એના સૌ ભેદ મેં જોયા જઈ". (8)

૧.૪ નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો.

૧. સૂરજ ૨. સાગર ૩. પાણી (1½)

૧.૫ નીચે આપેલા શબ્દોની લિંગ બદલો.

૧. ચાંદ ૨. દેવ ૩. રાણી (1½)

૧.૬ બોલમા બોલમા કવિતાના રચયિતા-કવિ

........છે. (1)

(20)

IEB Copyright © 2011

**પ્રશ્ન–૨ નીચે આપેલા કાવ્યની સમજૂતી તમારા શબ્દોમા વર્ણવો.**
**(સાત થી આઠ વાક્યો)**

તારો હું મા, બેટો જ્યારે બનીશ મર્દ મોટો,
ઘરધંધો કરતાં તુજને તવ થાક ન ચડશે ખોટો.
મારા ચાકર નોકર એ સહુ,ઘરનો ધંધો કરશે,
તું તારે હીંચોળે ઝૂલી 'આકર', 'તે કર' કરજે.

**અઘરા શબ્દો:**

મર્દ = જવાન (10)

**[30]**

**પ્રશ્ન–૩ ('ભગવાનની નિર્ધનતા' ઉપન્યાસમાંથી)**

૩.૧ 'ભગવાનના સાચા ભક્ત' રંકા વંકા નું ચરિત્ર ચિત્રણ તમારા શબ્દોમાં કરો. (10)

૩.૨ લોકો પર પતિ–પત્નીની કેવી છાપ હતી ? (3)

૩.૩ રંકા વંકાને મદદ કરવા ભગવાને શું કર્યું ? (3)

૩.૪ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

૩.૪.૧ નિર્ધન કોઈ નથી. તમારા વડે એ........ છે ને એમના વડે તમે સધન છો. (1)

૩.૪.૨ 'મારું મન ........ જોઇ લોભાઈ જાય એવું છે એમ જ શું તમે ધારી લીધું! (1)

૩.૫ નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો.

દિવસ પ્રભુ (2)

૩.૬ નીચે આપેલા શબ્દોનાં વિરોધી શબ્દો લખો.

ઝડપથી મોડું પવિત્ર

દુ:ખ નિર્ધન (5)

**[25]**

IEB Copyright © 2011

## પ્રશ્ન–૪ (જેસલ તોરલ સંવાદ પરથી)

૪.૧ જેસલ અને તોરલ વિશેનો સંવાદ વાર્તા રુપે લખો. (10)

૪.૨ જેસલને શેનો શેનો ડર લાગે છે ? (3)

૪.૩ નીચેના વાક્યો પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

(પૂર્વાપર કોણ બોલે છે, કોને કહે છે, અને ક્યારે કહે છે અથવા શા માટે કહે છે)

૪.૩.૧ 'એ છેલ્લી તકને ખોઇ નાખ નહિ'.

૪.૩.૨ ' હું નગુરાની તું ગુરુ'. (6)

૪.૪ નીચેના વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધી લખો.

૪.૪.૧ તું માંગીશ તો પ્રભુ જરુર ક્ષમા આપશે.

૪.૪.૨ અત્યારે કેમ ડરે છે ?

૪.૪.૩ એ બધા મને ક્ષમા આપે કદાચ, પણ પ્રભુ ક્ષમા આપશે ? (3)

૪.૫ નીચે આપેલા રુઢિપ્રયોગોનો સાચો અર્થ શોધી 'ખરા'ની નિશાની કરો.

૪.૫.૧ સમય પૂરો થઇ જવો.

અ. હારી જવું.
બ. ઘડિયાળ તૂટી જવી.
ક. મોત નજીક આવવું

૪.૫.૨ હૃદય ઠરઠરી જાય

અ. અતિશય દુઃખ થાય.
બ. સખત મહેનત કરવી.
ક. હૃદય બંધ થઇ જાય. (3)

**[25]**

**Total: 80 marks**

IEB Copyright © 2011